જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૧૦/૨૦૧૮ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૦૫/૧૮

**સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન :**

**પકડ વોરન્ટ આધારે મુબઈ ડી.સી.બી.પો.સ્ટે. ૫૧/૧૧ ઈપીકો કલમ ૩૮૭, ૩૪ ના કામના આરોપીને પકડી પાડતી સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર**

આજ રોજ તા-૨૭/૧૦/૨૦૧૮ ના રોજ પોલીસ ઈન્સ્પેકટર શ્રી ડી.એચ.ગઢવી સોલા હા.પો.સ્ટેશન નાઓની સુચના મુજબ મુબઈ ક્રાઈબ બ્રાચના એબ્સકોસ્ડંર સ્કોડના હેડ.કોન્સ .ક્રિષ્ણા જાદવ તથા તેમની ટીમના માણસો સાથે સોલા પોલીસ સ્ટેશનના ડી.સ્ટાફના હેડ.કોન્સ. તારીકમહમદ શીકદરભાઈ બ.ન.૯૭૩૫ તથા પો.કો. યુવરાજસિંહ જોરુભા બ.ન.૧૦૨૨૧નાઓ તેઓની સાથે રહી મુબઈ ડી.સી.બી.પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.ન.-૫૧/૨૦૧૧ ઈ.પી.કો. કલમ ૩૮૭, ૩૪ વિગેરેના કામના આરોપી રીતેશ ગોવિંદ પટ રહે. ૨૦૭ આઈ.યુ.સી.સોસાયટી, જે.બી.નગર, અંધેરી પુર્વ મુંબઈ નાનો કોર્ટ મુદતે હાજર રહેતો ન હોય જેનો કોર્ટ પકડ વોરન્ટ કાઢતા જે બજતુ ન હોય જેથી તેના મોબાઈલ ફોન નંબર આધારે તેનુ લોકેશન સોલા. પો.સ્ટે. વિસ્તારમાં આવતુ હોય જેથી તે લોકેશન આધારે સદરી આરોપીને વંદે માતરમ રોડ ઉપરથી ક.૧૫/૦૦ વાગ્યે પકડી મુંબઈ ક્રાઈમ બ્રાચ ટીમને સોપી પ્રસસનીય કામગીરી કરતી સોલા હાઈકોર્ટ પોલીસ.

**શાહીબાગ પોલીસ સ્ટેશન :**

**પ્રોહીબીશન સંબંધી પાસા અટકાયતી**

આજરોજ પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓના પાસા હુકમ ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૧૦૩૧/૨૦૧૮ તા.૨૭/૧૦/૨૦૧૮ ના હુકમ આધારે પ્રોહીબીશન સંબંધી પાસા અટકાયતી ચેતન S/O કેશાજી ઉર્ફે સીતારામ જાતે.ભીલ ધંધો:વેપાર (ભોજનાલય) ઉ.વ.૨૮ રહે.ગોવાજીના છાપરા કુબેરપુરા ભીલવાસ, અસારવા, શાહીબાગ, અમદાવાદ શહેર નાઓને આજરોજ તા.૨૭/૧૦/૨૦૧૮ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી લાજપોર જેલ, સુરત ખાતે જરૂરી જાપ્તા સાથે મોકલી આપેલ છે.

**સાબરમતી વિસ્તારમાંથી અગાઉ પ્રોહીબિશનના ગુનામાં પકડાયેલ ત્રણ ઇસમોએ વેચાણ કરવા સારૂ લાવી સંતાડી રાખેલ ભારતીય બનાવટનો વિદેશી દારૂની જુદી જુદી બ્રાંડની બોટલો નંગ-૩૧૩ તથા બિયર ટીન નંગ-330 મળી કુલ્લે રૂપિયા ૧,૪૫,૬૦૦/-નો મુદ્દામાલ શોધી કાઢતી સાબરમતી પોલીસ**

મેં પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર -1 સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડીવીઝન અમદાવાદ શહેરનાઓએ પ્રોહીબીશનની પ્રવૃતિ નેસ્ત નાબુદ કરી દેવા સારૂ આપેલ સુચના તથા માર્ગદર્શન આધારે આજરોજ અમો તથા સર્વે સ્કોર્ડના પો.સ.ઇ શ્રી ડી.જી.બડવા તથા કાળીગામ ચોકી પો.સ.ઇ શ્રી બી.પી.મેઘલાતર તેમજ સાથેના સ્ટાફના માણસો સાથે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા આ દરમ્યાન સાથેના પો.કો. જગદીશભાઇ વિનોદચંન્દ્ર તથા મનુભાઇ સોમાભાઇ તથા પો.કો.રાકેશગીરી બલવતગીરી નાઓને સંયુક્ત બાતમીદારથી બાતમી હકીકત મળેલ કે " કાળીગામ છારાનગરમાં રહેતા અને અગાઉ પ્રોહીબિશનના ગુનામાં પકડાયેલ અજય જશુભાઇ છારા તથા દિપક નંદુભાઇ છારા તથા દિપકનો ભાઇ વિનોદ નંદુભાઇ છારા નાઓએ ભેગા મળી બહારથી કેટલોક ભારતીય બનાવટનો પરપ્રાંતીય દારૂનો જથ્થો વેચાણ કરવા સારૂ લાવી તે દારૂનો જથ્થો પ્લાસ્ટીકના મોટા કેરબાઓમાં ભરી આ ભારતીય બનાવટનો પરપ્રાંતીય દારૂ ભરેલ કેરબાઓ અજય છારાના ઘરની પાછળના ભાગે આવેલ હાઉસીંગના મકાનો પાસે આવેલ ખાડામાંના ગટરના પાણી તેમજ મોટા ઘાસના દલદલમાં સંતાડેલ હાલતમાં મુકેલ છે " વિગેરે બાતમી હકીકત આધારે અમો તથા સ્ટાફના માણસો તેમજ પંચોના માણસો સાથે રાખી હકીકતવાળી જગ્યાએ તપાસ કરતા સદરી જગ્યાએ ખાડામાંના ગટરના પાણી તેમજ મોટા ઘાસના દલદલમાંથી કુલ ૧૪ પ્લાસ્ટીકના કેરબામાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂની જુદી જુદી બ્રાંડની બોટલો નંગ-૩૧૩ તથા બિયર ટીન નંગ-330 મળી કુલ્લે રૂપિયા ૧,૪૫,૬૦૦/-નો મુદ્દામાલ મળી આવતા તે તમામ મુદ્દામાલ કબજે લઈ આરોપીઓ (૧)અજય જશુભાઇ છારા(૨)દિપક નંદુભાઇ છારા (૩) વિનોદ નંદુભાઇ છારા રહે કાળીગામ છારાનગરનાઓની વિરૂધ્ધમાં પ્રોહી ગુના રજીસ્ટર નંબર ૫૪૨૦/૨૦૧૮ પ્રોહી કલમ ૬૬(૧)બી ૬૫(એ)(ઇ)૮૧ મુજબનો ગુનો દાખલ કરી આગળની વધુ તપાસ સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સશ્રી ડી.જી.બડવા નાઓ ચલાવી રહેલ છે તા-૨૭/૧૦/૨૦૧૮

## ઓઢવ પોલીસ સ્ટેશન :

### કૃષ્ણનગર પોલીસ સ્ટેશનના ગુનામા નાસતા ફરતા આરોપીને પકડી પાડતી ઓઢવ પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હિમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી. એન.એલ.દેસાઇ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ ઈન્સ્પેક્ટર આર.જી.જાડેજા સાહેબ નાઓએ નાસતા ફરતા આરોપીને પકડવા આપેલ સુચના મુજબ આજરોજ સર્વેલન્સ સ્કોડના અ.હેડ.કોન્સ રામસિંહ લક્ષ્મણસિંહ બ.નં-૭૭૩૩ તથા અ.પો.કોન્સ જયપાલસિંહ પ્રવિણસિંહ બ.નં-૭૪૩૯ તથા અ.પો.કોન્સ રાજેશભાઇ રમેશભાઇ બ.નં-૬૭૭૯ તથા અ.લો.ર જયદેવસિંહ નાગજીભાઇ બનં-૩૨૪૧ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના અ.પો.કોન્સ રાજેશભાઇ તથા અ.પો.કોન્સ જયપાલસિંહ નાઓએ સયુંક્ત બાતમી હકિકત આપેલ કે કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૫૨/૧૮ ધી ઈ.પી.કો કલમ ૩૭૯, ૧૧૪ તથા કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૫૯/૧૮ ધી ઈ.પી.કો કલમ ૩૭૯, ૧૧૪ વિગેરે મુજબના ગુનામાં નાસતો ફરતો આરોપી રાજેશભાઇ ઉર્ફે વાકડીયો સ/ઓ છબીલદાસ જાતે કેવટ, ઉ.વ.૨૦, રહે: ઇન્દીરાનગરના કાચા છાપરા, જીવનજ્યોત ચાર માળીયા, ઓઢવ, અમદાવાદ શહેર નાને તા.૨૭/૧૦/૧૮ ના કલાક ૨૦/૩૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)(આઈ) મુજબ પકડી અટક કરી કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ઉપરોક્ત ગુનામાં નાસતો ફરતો આરોપી પકડી સારી કામગીરી કરવામા આવેલ છે.

### પાસા અટકાયતીને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ,દેસાઈ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ " જાહેર સલામતી અને વ્યવસ્થા " વિરૂધ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સપેક્ટર શ્રી. આર. જી. જાડેજા નાઓએ " હનુમાનરામ ઉદારામ ફરલાલજી જાતે.બીશ્નોઈ ઉવ.૩૨ રહે.ગામ.વિસનપુરા ઢાણી (વરણવા) હનુમાનજીના મંદીર પાસે પોસ્ટ.સુથડી તા.સાચોર જી.ઝાલોર રાજસ્થાન " નાનો "જાહેરવ્યવસ્થા " વિરૂધ્ધના કૃત્યો કરતો હોય સદરી આરોપી વિરૂધ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે પાસા હુકમ નં-PCB/DTN/PASA/1030/18 તા.27/10/2018 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ.ઈ. એ.ડી.ભટ્ટ તથા અ.હેડ.કોન્સ રામસિંહ લક્ષ્મણસિંહ બ.નં-૭૭૩૩ તથા અ.પો.કોન્સ જયપાલસિંહ પ્રવિણસિંહ બ.નં-૭૪૩૯ તથા અ.પો.કોન્સ રાજેશભાઇ રમેશભાઇ બ.નં-૬૭૭૯ તથા અ.લો.ર જયદેવસિંહ નાગજીભાઇ બનં-૩૨૪૧ તથા અન્ય સ્ટાફના માણસો વોચમાં રહી મળી આવતા આજરોજ તા.૨૭/૧૦/૨૦૧૮ ના રોજ પાસા હુકમની બજવણી કરી વડોદરા મધ્યસ્થ જેલ ખાતે પાસા અટકાયતીને જરૂરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે.તા.૨૭.૧૦.૨૦૧૮.

## <u>આનંદનગર પોલીસ સ્ટેશન :</u>

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી એન ડીવીજન નાઓની સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટર આનંદનગર પોલીસ સ્ટેશન નાઓની રાહબરી હેઠળ અમદાવાદ શહેર તથા આજુબાજુ વિસ્તારમાંથી ગુનાહીત પ્રવૃતી નેશ નાબુદ કરવાની ઝુબેશ હેઠળ આનંદનગર પોલીસ સ્ટેશન (૧) ફ.ગુ.ર.નં. ૮૭/૧૮ ઇપીકો કલમ ૩૯૪,૩૯૭ વિ. તથા (૨) રીવરફ્રન્ટ વેસ્ટ પો.સ્ટે ફ.ગુ.ર.નં. ૧૪/૧૮ ઇ.પી.કો. કલમ ૩૯૨ વિ. મુજબના કામનો આરોપી મોહન સ/ઓ લાલબહાદુર બૈજુ ચૌહાણ ઉ.વ.૨૬ ધધો-બેકાર રહે-ટી-૫૦૧ મા મા માધવ હોમ્સ એકલવ્ય સ્કુલની બાજુમા અમરાઇવાડી મુળ ગામ-ગૂરૂવાટ ચોલાપુર (યુ.પી) વ્યવસ્થા વિરુધ્ધના કૃત્યો કરતો હોય તેને આમ કરતો અટકાવવા સારૂ પો.ઇન્સ શ્રી એસ.જે.બલોચ આનંદનગર પો.સ્ટેશન નાઓની રાહબરી અને સુચના હેઠળ (૧) હે.કો વસંતસિંહ સોમસિંહ બ.ન.૭૭૧૭ (૨) પો.કો હરિસિંહ જુવાનસિંહ બ.ન.૭૪૯૪ (૩) શ્રધ્ધાબેન ગાંડાભાઇ બ.ન.૧૦૮૩૦ નાઓએ આરોપી વિરૂધ્ધના ગુનાઓ તથા તે સલંગ્ન માહીતી એકત્રીત કરી તેની વિરુધ્ધ ગુજરાત અસામાજીક પ્રવૃતિઓ અટકાવવા બાબતના અધિનિયમ (પાસા) ની કલમ ૩(૧) મુજબ અટકાયતમાં લેવા સારુ દરખાસ્ત ભરી પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી નાઓએ હુકમ ક્રમાંક: પીસીબી/ડીટીએન/પાસા/૧૦૩૩/૨૦૧૮ તા.૨૭/૧૦/૨૦૧૮ થી અટકાયતમાં લેવા સારૂ હુકમ કરેલ હોય અને સદરી આરોપી જેથી સદરી અટકાયતીને ખાનગી બાતમી આધારે પો.ઇન્સ શ્રી આનંદનગર પો.સ્ટે નાઓની સુચનાથી (૧) પો.કો શૈલેષભાઇ મોહનભાઇ બ.ન.૪૫૫૯ (૨) પો.કો વિજયભાઇ મગનભાઇ બ.ન.૩૯૭૬ (૩) કિરીટભાઇ જેરામભાઇ બ.ન.૫૪૨૯ નાઓ પકડી લાવી પો.કમિ શ્રી ના હુકમ આધારે સદરીને તા.૨૭.૧૦.૧૮ ના રોજ પકડી કલાક ૨૦/૩૦ વાગે સદર હુકમની બજવણી કરી કેદ રહેવા સારૂ સુરત જેલ ખાતે મોકલી જે બદલની પ્રસન્નીય કામગીરી કરેલ છે તા-૨૭/૧૦/૨૦૧૮

## <u>બાપુનગર પોલીસ સ્ટેશન :</u>

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશરશ્રી "એચ" ડીવીઝન નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ શરીર સંબંધી ગુનાઓ બનતા અટકાવવા સારુ અસરકારક પગલાં લેવા કરેલ હુકમ અન્વયે પોલીસ ઇન્સ્પેકટરશ્રી એચ.બી.ચૌધરી બાપુનગર પો.સ્ટે.અમદાવાદ શહેર તથા સ્ટાફના માણસોએ **<u>ફરીદ અહેમદ ુ સ/ઓ મુન્નાભાઇ શેખ ઉવ.48 રહે.અકબર નગર ના છાપરા ગરીબ નગર ચાર રસ્તા પાસે બાપુનગર</u>** અમદાવાદ શહેર નાનો શરીર સંબંધી ગુનાઓ કરવાની પ્રવૃતિ સાથે સંકળાયેલ હોય. તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી સમક્ષ સાદર કરતાં તેઓ સાહેબે પાસા હુકમ ક્રમાંક પીસીબી/ડીટીએન/ પાસા/૧૦૨૬/૧૮ તા.૨૭।૧૦।૨૦૧૮ થી પાસા હુકમ કરતાં મજકુર પાસા અટકાયતિને આજરોજ તા.૨૭।૧૦।૧૮ ના કલાક ૨૨.૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી " **રાજકોટ** જેલ" ખાતે પાસા અટકાયત હેઠળ રહેવા સારું જુરી જાપ્તા સાથે મોકલી આપવામાં આવેલ છે. તા।૨૭।૧૦।૧૮

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.